અપીલ અરજી નં.૯૨ તા.૨–૭–૦૯/૧૦

અરજદારઃ– શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ–ઈ.ચા. સીટી ઈજનેર અને અને જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલીક)

## ફરીયાદની હકીકતઃ–

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૨–૬–૦૯ ની અરજીથી હાઈડ્રોલીક વિભાગમાં તા.૨૦–૪–૦૯ના રોજ કરવામાં આવેલી અરજી બાબતે કર્મચારી પાસે શું શું તપાસ કરવામાં આવી હાલ શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે તેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ*** **:**–અરજદાર મજકુરની તા.૨–૭–'૦૯ ની અપીલ અરજી નં.૯૨/૨૦૦૯–૧૦

શ્રી હેમંત એન. દેસાઈની તા.૨–૬–૦૯ ની અરજીથી હાઈડ્રોલીક વિભાગમાં તા.૨૦–૪–૦૯ના રોજ કરવામાં આવેલી અરજી બાબતે કર્મચારી પાસે શું શું તપાસ કરવામાં આવી હાલ શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે તેની માહિતી આપવા બાબતે નિર્દિષ્ટ સમય ગાળામાં પ્ર તિભાવ નહીં મળવાના કારણે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૭–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ઉપર તા.૮–૭–૦૯ થી ઈ.ચા. સીટી ઈજનેર અને અને જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલીક)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ વિગતો મળેલ નથી. પરંતુ અરજદારે અપીલ તબકકે તા.૨૦–૭–૦૯ ના રોજ જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧૫–૭–૦૯ ના પત્રથી મળેલ માહિતીની નકલ રજૂ કરી માહિતી સમય મર્યાદામાં આપવામાં આવી નથી તથા સાચી અને સંતોષકારક નથી. તથા જવાબમાં અપીલ ગણવા અંગેનો હક બાબતે ઉલ્લેખ કેમ કરવામાં ન આવ્યો? શા માટે? કર્મચારીઓએ શું તપાસ કરી તેની માહિતી આપવામાં આવેલ નથી. તેમજ સમયસર વાલ્વ ખોલવામાં આવે છે તે મળેલી જાણકારી ખોટી છે તેવી રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ " સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન (દક્ષિણ વિભાગ) વિસ્તારના વાલ્વ ખોલ બંધ કરવાના વાર્ષિક ઈજારો આપવામાં આવેલ છે. તથા નકકી થયેલ સમયે વાલ્વ ખોલ બંધ કરવામાં આવે છે. તથા તેની નોંધ રજીસ્ટરમાં કરવામાં આવે છે. વાલ્વ ઓપરેશનની કામગીરીના ચેકીંગ માટે વાલ્વ ઈન્સ્પેકટર અવાર નવાર ચેક કરી રજીસ્ટર મેઈન્ટેઈન કરે છે. તથા વાલ્વ ઓપરેશન અંગેની કામગીરીની અત્રેના વિભાગને જુ. ઈજનેર ધ્વારા અવાર નવાર ચકાસણી થતી રહે છે. વધુમાં આ વાલ્વ કેન્સલ કરવા જે માંગણી કે રજૂઆત કરે છે તે હાલ તબકકે શકય નથી. કારણકે સેન્ટ્રલ ઝોન(વોલ સીટી) વિસ્તારમાં વિભાગીય ધોરણે ઉત્તર તથા દક્ષિણ અનુક્રમે સાંજે તથા સવારે પાણી પુરવઠો આપવામાં આવે છે જેથી આ વાલ્વ ઓપરેટ કરવો જરૂરી બને છે. ઉપરાંત વાલ્વ ઓપરેટ કામગીરી માટે જે તે ઈજારાદાર તરફથી પોતાના ખર્ચે ચાવી, કેપ,આંકડી,પચીસ પાના વિગેરે લાવવાના અથવા પૂરા પાડવાના હોય અત્રેથી તેમને કોઈ સામાન આપવામાં આવતો નથી. " તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે.

વાલ્વ ખોલ બંધ કરવા અંગે ઈન્સ્પેકટર તથા જુની. ઈજનેર તરફથી ચકાસણી કરવામાં આવે છે તો અરજદારે તા.૨૦–૪–૦૯ થી કરેલ ફરીયાદ સંદર્ભે શું શું તપાસ કરવામાં આવી અને તે સંદર્ભે થયેલી કાર્યવાહીની માહિતી અરજદારને પૂરી પડાયેલ જણાતી નથી. તથા અરજદારે અપીલ અરજીમાં આજે પણ ૯.૩૦ કલાકે વાલ્વ બંધ કરવામાં આવે છે તેવી મુળ અરજીથી અલાયદી ફરીયાદ કરેલ છે.

## ***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨–૬–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી અરજદારે કરેલ ફરીયાદ સંદર્ભે માંગેલ માહિતી , હકીકતલક્ષી વિગતો અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ અરજદારની અરજી સંદર્ભે શું તપાસ કરી અને કાર્યવાહી કરી તેની માહિતી પૂરી પડાયેલ ન હોય એ અંગેની હકીકતલક્ષી માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ઈ.ચા. સીટી ઈજનેર અને અને જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલીક) ને જણાવવામાં આવે છે.

અરજદારે અપીલ અરજીમાં કરેલ મુળ અરજીથી અલાયદી રજૂઆત/ફરીયાદ બાબતે સક્ષમ સત્તાને કાર્યવાહી અંગે અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮ –૦૯

ડે.***કમિશનર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ઈ.ચા. સીટી ઈજનેર અને અને જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલીક) ... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંતભાઈ એન. દેસાઈ,